## જિલ્લાનો ત્રિકોણીયો ચૂંટણી જંગ

| બેઠકનું નામ | ભાજપ | કોંગ્રેસ | આપ |
|---|---|---|---|
| ગાંધીનગર (ઉ) | રીટાબેન પટેલ | વિરેન્દ્રસિંહ વાઘેલા | મુકેશ પટેલ |
| ગાંધીનગર (દ) | અલ્પેશ ઠાકોર | ડો. હિમાંશુ પટેલ | દોલત પટેલ |
| દહેગામ | બલરાજસિંહ ચૌહાણ | વખતસિંહ ચૌહાણ | સુહાગ પંચાલ |
| કલોલ | બકાજી ઠાકોર | બળદેવજી ઠાકોર | કાન્તિજી ઠાકોર |
| માણસા | જયંતિભાઈ પટેલ | બાબુસિંહ ઠાકોર | ભાસ્કર પટેલ |

# જિલ્લામાં બહુકોણીય જંગના આસાર

### આજે બુધવારે ગાંધીનગર (ઉ) બેઠક માટે વધુ ૨૧ ઉમેદવારી પત્રોનું વિતરણ થયુ : ગાંધીનગર (દ)માં ૮ ફોર્મ ભરાયા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠક પર ૨૫ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવતાં જિલ્લાનો રાજકીય માહોલ ગરમાયો છે.

જિલ્લામાં આજે ઉમેદવારીપત્ર ભરવાના અંતિમ દિવસે ભાજપ-કોંગ્રેસ ઉપરાંત અન્ય કેટલા ઉમેદવારો ઉમેદવારી નોંધાવે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે. જિલ્લામાં આ વખતે બહુકોણીય જંગ નિશ્ચિત મનાઈ રહ્યો છે. જો કે જિલ્લામાં મુખ્ય સ્પર્ધા તો ભાજપ-કોંગ્રેસ વચ્ચે જ રહેશે જ્યારે ગાંધીનગરની ૩ સીટો પર ત્રિકોણીય જંગ ખેલાશે તેવા ગણિત હાલ મંડાઈ રહ્યા છે.

જિલ્લાની દહેગામ બેઠક પર આજે વધુ ૨ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

ગાંધીનગર (ઉ) પર આપ આદમી પાર્ટીના મુકેશભાઈ પટેલ અને રીનાબેન રાવલે ઉમેદવારી નોંધાવી છે.

ગાંધીનગર (દ) બેઠક પર આજે ૮ ફોર્મ ભરાયા છે. જેમાં અપક્ષ, બસપા, આમ અને પ્રાદેશિક પક્ષના ઉમેદવારોનો સમાવેશ થાય છે.

ગાંધીનગર (દ) બેઠક પર આપ આદમી પાર્ટીના પટેલ દેવેન્દ્રભાઈ (દોલતભાઈ) પ્રવિણચંદ્ર, અલ્પેશ સોલંકીએ ઉમેદવારી નોંધાવી છે. બસપાના રાજેશભાઈ પરમારે ઉમેદવારી નોંધાવી છે. જનસેવા ડ્રાયવર પાર્ટીના કિશોરસિંહ ચૌધરીએ ઉપરાંત વિનોદભાઈ સોલંકી, રાજવી અને રાજેન્દ્ર પરમારે અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે.

માણસા બેઠક પર આજે ૬ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. આજે કીરીટભાઈ પટેલે અપક્ષ ઉમેદવાર તરીકે, નેશનલ યુથ પાર્ટીના રાહુલ મિશ્રાએ, મહિપાલસિંહ વાઘેલાએ અપક્ષ તરીકે, ગરવી ગુજરાત પાર્ટીના અજય ઠાકોરે, આ જ પક્ષના અશ્વિન ઠાકોર તેમજ કોંગ્રેસના ઉમેદવાર તરીકે યશવંતભાઈ ચૌધરીએ ઉમેદવારી નોંધાવી છે.

કલોલ બેઠક પર આજે વધુ પાંચ ઉમેદવારીપત્રો રજુ થયા છે. કોંગ્રેસના બળદેવજી ઠાકોર અને રશ્મિનજી ઠાકોરે વધુ એક-એક

● અનુસંધાન પાન-૭ પર

## વાસણ ગામમાં બે યુવાનોને ટિકિટ મળી

### બાયડ બેઠક પર દસ વર્ષ પછી બન્ને સ્પર્ધકો પુનઃ એકવાર સામ સામે આવ્યા



ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર તાલુકાના વાસણ ગામે ગુજરાત વિધાનસભાની ૨૦૨૨ની ચૂંટણીમાં બે ઉમેદવારો આવ્યા છે.

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાનું ગામ છે. આજે કોંગ્રેસ પક્ષે તેના ૩૭ ઉમેદવારોની યાદી જાહેર કરી તેમાં શંકરસિંહ વાઘેલાના દિકરા મહેન્દ્રસિંહ વાઘેલાને બાયડમાંથી ટિકિટ આપી છે. વાઘેલા પહેલા બાયડ બેઠક પરથી વિજયી થયા હતા. આ પહેલાં બાયડમાં ભેળવવામાં આવેલા માલપુર-મેઘરજ બેઠક પરથી વિજયી થયા હતા.

યોગાનુયોગ તો એવો રચાયો છે કે કોંગ્રેસ અને ભાજપના આ બેઠકના ઉમેદવારો ૧૦ વર્ષ પછી સામ સામે આવ્યા છે. બાયડના વર્તમાન ધારાસભ્ય જશુભાઈ પટેલની ટિકિટ આપવામાં આવી છે. તેઓ પેટા ચૂંટણી લડી આ બેઠક પર વિજયી થયા હતા.

વાસણમાંથી બીજી ટિકિટ વિરેન્દ્રસિંહ વાઘેલાને ગાંધીનગર (ઉ)માંથી આપવામાં આવી છે. તેઓ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રહી ચુક્યા છે. આ ઉપરાંત કોંગ્રેસમાં ભાવનગર જિલ્લાના પ્રભારી તરીકે પણ સેવાઓ આપી રહ્યા છે. તેઓ હાલ ગાંધીનગર શહેરમાં રહે છે.

## દહેગામમાં ઉમેદવારની પસંદગીને લઈ વિરોધ-વંટોળ

### પ્રદેશ પ્રમુખ સામે બેફામ આક્ષેપો : કોંગ્રેસમાં થયેલો ભડકો : સામુહિક રાજીનામાની ભીતિ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર દહેગામ વિધાનસભા બેઠકને કોંગ્રેસમાં આજે નામની જાહેરાત સાથે જ ભડકો થયો છે અને કોંગ્રેસ પ્રમુખની હોમ પીચ પર જ વરવા સૂત્રો સાથે અસંતોષની આગ બહાર આવતાં રાજકીય વર્તુળોની નજર અહિ કેન્દ્રીત થઈ છે.

ગાંધીનગર જિલ્લામાં દહેગામ બેઠક પર કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડને રિપીટ ના કરાતાં તેમના સમર્થકો, શુભેચ્છકોએ કામિનીબાના ઘર પાસે ભેગા થઈ ગયા હતા અને સૂત્રોચ્ચાર કરી વાતાવરણ ગજવી દીધુ હતુ.

દહેગામ બેઠકને લઈ કોકડુ ગુંચવાયેલુ હતુ. આ બેઠક પર સંભવિતોમાં એક તબક્કે મહેન્દ્રસિંહ વાઘેલાનું નામ પણ ચર્ચામાં આવ્યુ હતુ. જો કે તેમણે બાયડથી જ ચૂંટણી લડવાનો આગ્રહ રાખ્યો હતો.

આજે જિલ્લાની દહેગામ બેઠક જે પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરની હોમ પીચ ગણાય છે તે જ બેઠક પર તેમના હાય હાયના સૂત્રો કાર્યકરોએ પોકાર્યા હતા.

દહેગામ બેઠકમાં ઉમેદવારીની પસંદગીને લઈ નાણાંકીય લેવડ-દેવડના આક્ષેપો પણ થયા છે.

જો કે કોંગ્રેસના અગ્રણી અને પૂર્વ ધારાસભ્ય કામિનીબાએ જણાવ્યુ હતુ કે તેમણે આ બેઠક પર દાવો કર્યો હતો પરંતુ પક્ષનું મોવડીમંડળ લોભ-લાલચ કે પ્રલોભનમાં ભાન ભૂલ્યુ હોય એવુ લાગે છે.

બુધવારે રાત્રે મારા સમર્થકો અને શુભેચ્છકોએ બેઠક રાખી છે અને તે બેઠકમાં જે નિર્ણય લેવામાં આવશે તે પછી નક્કી કરાયેલ રણનીતિમાં તે આગળ વધશે. હાલ અપક્ષ ઉમેદવારી કરવી કે પછી પક્ષ છોડવો તે વિશે કંઈ જ વિચાર્યુ નથી.

દહેગામ બેઠક પર ઉભો થયેલો કકળાટ જિલ્લાની અન્ય બેઠકો પર પણ અસર કરી શકે છે તેવુ ગણિત રાજકીય ગલિયારીઓમાં મંડાયુ છે. જો કે આ અંગેનું ચિત્ર કાલે જ સ્પષ્ટ થશે તેમ પણ કહેવાઈ રહ્યુ છે.

## તંત્ર આચારસંહિતા અને ખર્ચ માટે વધુ સતર્ક બન્યુ

### ગાંધીનગર (ઉ)માં એફ.એસ.ટી. અને એસ.એસ.ટી.ની ટીમો ડબલ કરાઈ : આચારસંહિતા ભંગની ૨૫ ફરિયાદો મળી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી નજીક આવતાં તંત્ર સતર્ક બન્યુ છે અને તેણે ફલાઈંગ સ્કવોડ તેમજ સ્ટેટીક સર્વેલન્સની ટીમો ગાંધીનગર (ઉ)માં વધારી દીધી છે.

ખર્ચ માટે સંવેદનશીલ જાહેર થયેલ ગાંધીનગર ઉત્તર બેઠક પર ફલાઈંગ સ્કવોડની પાંચ ટીમો તેમજ સ્ટેટીક સર્વેલન્સની ૬ ટીમો વધારવામાં આવી છે. આ અંગેના હુકમો પણ તંત્ર દ્વારા જારી કરી દેવામાં આવ્યા છે.

જિલ્લામાં આદર્શ આચારસંહિતાના અમલને લઈ પણ તંત્ર દ્વારા અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે.

પંચ દ્વારા આચારસંહિતાના અમલ માટે શરૂ કરાયેલ

● અનુસંધાન પાન-૭ પર

## આગામી ઉનાળામાં સેક્ટરોમાં પાણીની પોકાર ડામવા શુદ્ધિકરણ ક્ષમતા વધારવા આયોજન

### પાણીની સંગ્રહ ક્ષમતાની વ્યવસ્થા પણ અપગ્રેડ કરવાની અનિવાર્યતા

ગાંધીનગર શહેરમાં પાણીના વપરાશ સામે હજુ પાણી શુદ્ધિકરણ ક્ષમતા અને પુરવઠાનો સંગ્રહ કરવાની વ્યવસ્થા અપગ્રેડ થઈ નથી આવા સંજોગોમાં આગામી ઉનાળામાં સેક્ટરોમાં પાણીની પોકાર ઉઠવા પામે તેવી સંભાવના નકારી શકાય તેમ નથી

નગરના જુના અને નવા સેક્ટરોમાં અગાઉ સવારે અને સાંજે પાણી પુરવઠાનો સપ્લાય આપવામાં આવતો હતો સેક્ટરોમાં દબાણથી દરેક પાણી સપ્લાય થતું હતું. જયારે હવે તમામ સેક્ટરોમાં જ પાણી વિતરણ કરવામાં આવે છે. શહેરને પાણી પુરુ પાડવા નર્મદાના પાણીનો જરૂરી જથ્થો ગુજરાત વોટર ઈનફ્રાસ્ટ્રક્ચર બોંડ પાસેથી ખરીદવા બાદમાં તેનું શદ્ધિકરણ કરાય છે. જો કે આ સ્થિતિ વચ્ચે આગામી દિવસોમાં પાણીની સમસ્યા જટીલ બને તેમ પણ મનાઈ રહ્યું છે હજુ સ્માર્ટ સિટીનો પાણીનો પ્રોજેક્ટ પૂરો થતા સમય લાગશે હાલમાં સરેરાશ ૬૦ એમએલડી પાણી શુદ્ધ કરવાની ક્ષમતા છે. તેમાં ઓવર લોડિંગ કરવામાં આવે તો તે ક્ષમતાને ૭૦ એમએલડી સુધી ખેંચી જઈ શકાય છે. જયારે કાળઝાળ ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ વધીને ૭૫ એમએલડી સુધી સપ્લાય આપવો પડે છે તંત્ર દ્વારા પાણીની સંગ્રહ ક્ષમતા વધારવા માટે કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. પરંતુ સરકારે ખરા અર્થમાં લોકોની મુશ્કેલી દૂર કરવી હોય તો પાણીના શુદ્ધિકરણની ક્ષમતા ૯૦ એમએલડી પર લઈ જવાની સાથે જ શુદ્ધ પાણીના સંગ્રહની ક્ષમતા વધારવી પડશે. આગામી દિવસોમાં નવા અને જુના બન્ને સેક્ટરોમાં આંતરે દિવસે પાણીના પોકાર ઉઠી શકે છે જેને ધ્યાન માં રાખીને યોગ્ય આયોજન થાય તે અનિવાર્ય છે

## સેકટરોમાં પાણીની દાયકાઓ જુની લાઈનમાં લીકેજીસની પ્રતિદિન ત્રણ થી ચાર ફરિયાદો

### સેકટરોમાં ફરિયાદો ડામવા માટે એક ખાસ ટીમ બનાવાઇ : શિયાળામાં લાઇનમાં પ્રેશર વધ ઘટ થતા સમસ્યા વધુ પેચીદી બની

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં શિયાળાની ઠંડીના દિવસોની શરૂઆત થતા જ સેકટરોમાં ઠેર ઠેર પાણીની લાઈનમાં લીકેજીસની સમસ્યા વધી ગઈ છે. સેકટરોમાં પ્રતિદિન ત્રણ થી ચાર જેટલી લીકેજીસની ફરિયાદો ઉઠવા પામે છે. ઠંડીના દિવસોમાં પાણીનો વપરાશ ઘટતા લાઈનમાં પ્રેશરની વધ ઘટ થવાના લીધે લીકેજીસની સમસ્યા પેચીદી બની છે. જયારે આ ફરિયાદોને ડામવા માટે તંત્રએ એક ખાસ ટીમ બનાવી છે. સેકટરના આંતરિક વિસ્તારમાં પણ લાઈનમાં લીકેજીસ ડામવા માટે આ ટીમ રોજબરોજ કામે લાગે છે. એકબાજુ લાઈન પણ ત્રણ થી ચાર દાયકા જુની હોવાના લીધે પાઈપ લાઈનના જોઈન્ટસમાં પ્રેશર વધતા પાણી લીક થતુ હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

શહેરીજનો પાણીનો વપરાશ છુટથી કરે છે. જયારે ઉનાળાની સાપેક્ષમાં ચોમાસા અને શિયાળામાં પાણીનો ઉપયોગ ઘટી જાય છે. જેના લીધે શહેરમાં સપ્લાય થતા પાણી પુરવઠામાં પણ કાપ મુકી દેવામાં આવે છે. શહેરમાં એકબાજુ પાણીની લાઈનનુ વર્ષો જુનુ નેટવર્ક બદલવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે નવી લાઈન નાંખવા માટે પણ સેકટરોમાં ખોદકામ ચાલી રહ્યુ છે. આ દરમિયાન વિજળીના કેબલ કટ થવાની સાથે પાણી ગટરની લાઈન પણ ડિસ્ટર્બ થતી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. જેના લીધે હાલ તંત્ર માટે પાણી ગટરની લાઈનના મામલે એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ છે. જયારે હાલ શિયાળાની ઠંડીના દિવસોની શરૂઆત થતા શહેરમાં પાણીનો વપરાશ

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં સંસ્થાઓને ફાળવવામાં આવેલા આવાસોના ભાડાની આવકનો આંક ૩ કરોડ

### અગાઉ જુદી જુદી કક્ષાના સરકારી આવાસો સરકારી કચેરીઓના કાર્યાલય તેમજ સંસ્થાઓને ફાળવવામાં આવ્યા હતા

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો રહેણાંક માટે જોખમી બન્યા છે. જયારે એકબાજુ આવાસોની ઘટ છે. ત્યારે રહેણાંક માટેના આવસોને અનુલક્ષી તંત્રના ચોપડે પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. જયારે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી અગાઉ સ્વૈચ્છિક સંસ્થાઓ ઉપરાંત સરકારી કચેરીઓને પણ ઉપયોગ માટે આવાસની ફાળવણી કરવામાં આવી છે. જયારે આ આવાસોના ભાડાની આવક પણ પ્રતિમાસ રૂ ૩ કરોડ જેટલી થાય છે.

પાટનગર યોજના ભવનના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર કર્મચારીઓ અને અધિકારીઓને ફાળવવામાં આવેલા આવાસોના નિયત ભાડાની રકમ તેમના પગારમાંથી જ સીધી જમા થતી હોય છે. જેના લીધે વસુલાત કરવા માટે કોઈ મથામણ કરવી પડતી નથી. જયારે વર્ષો અગાઉ જે તે સંસ્થાને વિવિધ હેતુને અનુલક્ષી જુદી જુદી કક્ષાના આવાસોની ફાળવણી કરવામાં આવી હતી. જયારે અગાઉ આવા આવાસોના ભાડા નિયમિત ચુકવવામાં પણ ગલ્લા તલ્લા કરવામાં આવતા હતા જયારે સરકારી આવાસોમાં અન અધિકૃત વસવાટ મામલે પણ છેલ્લા કેટલાક વર્ષોમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જયારે નિયત સમયે ભાડુ ન ચુકવનાર સામે પણ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવતા હવે સંસ્થાઓને ફાળવવામાં આવેલા આવાસોની પણ સમયસર વસુલાત થાય છે. જયારે લાંબા સમય કાળથી સરકારી આવાસોની આડેધડ ફાળવણી સામે પણ બ્રેક લગાવી દેવામાં આવી છે. જયારે સેકટરોમાં સરકારી આવાસોનો કબજો ધરાવતી સંસ્થાઓ નિયમિત ભાડુ ભરે તેના માટે પણ વિશેષ ભાર આપવામાં આવી રહ્યો છે. જયારે અનિયમિત તેમજ ભાડુ ન

● અનુસંધાન પાન-૭ પર

## @-ઈલેક્શન

- કોંગ્રેસ અને ભાજપ બંને પક્ષોમાં અસંતોષનો દાવાનળ ફાટ્યો છે. કોંગ્રેસનો કકળાટ તો હંમેશા રહ્યો છે પણ ભાજપમાં પહેલી વખત અસંતોષ સપાટી પર આવ્યો છે.
- કોંગ્રેસે મોડી સાંજે ૩૭ ઉમેદવારોની યાદી જાહેર કરી હતી જ્યારે ભાજપે ત્રણ ઉમેદવારો જાહેર કર્યા હતા. હજુ ભાજપમાં એક બેઠકની જાહેરાત બાકી છે.
- ખેરાલુની બેઠક પર સાંસદ ભરતજી ડાભીના ભાઈએ અપક્ષ ઉમેદવારી કરવાની જાહેરાત કરી છે જ્યાં ભાજપે સરદારસિંહ ચૌધરીને ટીકીટ આપવાની જાહેરાત કરી છે.
- વાઘોડિયાના મધુ શ્રીવાસ્તવને સમજાવવાનો ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના પ્રયત્નો નિષ્ફળ નિવડ્યા હતા.
- ચોર્યાસી બેઠક પર વર્તમાન ધારાસભ્ય ઝંખના પટેલની નારાજગી હજુ પણ યથાવત રહી છે. ભાજપના કાર્યાલયના ઉદ્ઘાટનમાં તેઓની ગેરહાજરી નજરે પડી હતી.
- ડીસામાં ભાજપના અગ્રણી તેબજી ઠાકોરે અપક્ષ ઉમેદવારીની જાહેરાત કરતા ભાજપમાં હડકંપ મચ્યો હતો.
- એનસીપીના મહિલા મોરચાના અધ્યક્ષ રેશ્મા પટેલે તમામ હોદ્દા પરથી રાજીનામુ આપ્યુ છે અને આપમાં જોડાયા છે.
- કોંગ્રેસના પંદર કેન્દ્રિય નેતાઓ ૧૨૫ બેઠકો પર સભા-સરઘસો યોજશે.
- સુરત પૂર્વમાં ઉમેદવારી પરત ખેંચનાર આપના કંચન જરીવાલાએ આપને ગુજરાત વિરોધી પક્ષ કહ્યો છે જ્યારે આપના નેતાઓએ ભાજપની નીતિરીતિ સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો.
- ૧૮મીએ મોરબી જિલ્લામાં ત્રણ મુખ્યમંત્રીઓ સભા સંબોધશે. ટંકારામાં ગુજરાતના ભૂપેન્દ્ર પટેલ, માળીયામાં મધ્યપ્રદેશના શીવરાજસિંહ ચૌહાણ અને વાંકાનેરમાં યુપીના યોગી સભા ગજવશે.

## વણઝારા સમાજ જોગ

ગાંધીનગર, બુધવાર

જાહેર કરવામાં આવે છે કે આજરોજ તા.૧૬ નવેમ્બરના રોજ વણઝારા સમાજના વડીલો, આગેવાનો અને યુવાનોની એક બેઠકળ મળી હતી. જેમાં અગાઉ સમાચાર પત્રોમાં પ્રકાશિત થયેલ અહેવાલ પ્રમાણે ડી.જી.વણઝારા સાહેબ સાથે વણઝારા સમાજને કોઈ જ લેવાદેવા નથી તેવા અહેવાલને પગલે વણઝારા સમાજ એક સાથે એવું જાહેર કરીએ છીએ કે સમાજ એક સાથે છે અને ડી.જી.વણઝારા સાહેબ સમાજના આદરણીય વડીલ અને મોભાદાર વ્યક્તિ છે. સમાજ તેમની સાથે હરહંમેશા હતો અને રહેશે વણઝારા સમાજ એક જુથ છે અને એક જુથ રહેશે અને આદરણીય ડી.જી.વણઝારા સાહેબ અમારા સમાજના મોભી આગેવાન છે અને સદાય સમાજ સાથે સંકળાયેલા છે અને સમાજ તેમની સાથે છે અને રહેશે. ★★

નારણ કે.રાઠોડ, દલાજી ફોજાજી, કાળુજી સરદાજી વણઝારા, મેરાજી નાથાજી









Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com